GJJN210004382026

દાખલ તારીખ:– ૨૯/૦૫/૨૦૨૬
રજીસ્ટર તારીખ:– ૨૯/૦૫/૨૦૨૬
ફેસલ તારીખ:– ૦૪/૦૬/૨૦૨૬
સમયગાળો:– વર્ષ–માસ–દિવસ
૦૦ ૦૦ ૦૬

કેશોદના નામદાર બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં
મુકામઃ કેશોદ.

ફોજ. પર. અરજી નં. ૨૧૩/૨૦૨૬
આંક–

અજયભાઇ જેતાભાઇ સિંધલ,
ઉ.વ.૩૩, ધંધો:– ડ્રાઈવીંગ,
રહે. કેશોદ વાસાવાળી ત્રિલોકપરા,
જી. જુનાગઢ.................................... અરજદાર/આરોપી

વિરૂદ્ધ

ધી સ્ટેટ ઓફ ગુજરાત
થ્રૃ એ.જી.પી.શ્રી, કેશોદ.................................સામાવાળા

બાબતઃ– બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મળવા અંગે અરજી

અરજદાર તરફે વિ. વ. શ્રી એસ. જી. નિરંજની
શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી એન. કે. પુરોહીત

ઠ રા વ

(૧) હાલના અરજદાર/આરોપી દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા હાલની આ જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) હાલની અરજીની ટુંકમા વિગત એવી છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુદ્ધ કેશોદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૦૩૦૩૦૨૬૦૩૦૪/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ –૧૧૮(૧)(૨), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૩૨૯(૩), ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો દાખલ થયેલ, જે કામે હાલના અરજદાર/આરોપીને અટક કરેલ છે અને નીચેની અદાલતમાં અરજદાર/આરોપીએ જામીન મુકત થવા અરજી કરેલ, જે નામંજુર કરી, અરજદાર/આરોપીને જ્યુડીશીયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરેલ જેથી અરજદાર/ આરોપી દ્વારા જામીન ઉપર મુક્ત થવા સારૂ હાલની રેગ્યુલર જામીન

અરજી દાખલ કરેલ છે.

વધુમાં અરજીની ટુંકમા વિગત એવી છે કે, હાલની ફરિયાદ આશરે બે દિવસ મોડી કરવામાં આવેલ છે અને ફરિયાદ મોડી કરવાનું કોઈ કારણ ફરિયાદમાં જણાવેલ નથી. ફરિયાદ મુજબનો કોઈ ગુનો અરજદારે કરેલ નથી. ફરિયાદી આરોપી સામે ખોટું મનદુ:ખ રાખી ખોટી ફરિયાદ કરી સંડોવી દીધેલ છે. ફરિયાદ વંચાણે લેતા અરજદાર/આરોપીએ કોઈ માહાવ્યથા પોચાડી હોય તેવું ફરિયાદ વંચાણે લેતા માલૂમ પડતું નથી. કોઈ ઈજા પામનાર દવાખાને હાલ સારવાર હેઠળ નથી અને તેઓની સ્થિતિ કોઈ જોખમી નથી. બાનવ કોઈ ગંભીર ગુનામાં પરિણમી શકે તેમ નથી. ફરીયાદ વંચાણે લેતા પ્રથમ દ્રષ્ટિએ અરજદાર/આરોપી સામે કોઈ પ્રાયમાફેસી કેશ નથી. તેમજ ખોટી રીતે ઉપજાવી કાઢેલ ફરિયાદ છે અને ખોટી હકીકત વાળી ફરિયાદ કરેલ છે. જેથી અરજદારને ખોટી રીતે ગંભીર ગુન્હામાં સંડોવી દઈ અરજદારને જેલ ના સળીયા પાછળ ધકેલી દીધેલ છે. અરજદાર/આરોપી આ કામના કોઈ પુરાવા કે સાક્ષી ને હેમ્પર કે ટેમ્પર કરશે નહી કે કોઈ લાલચ પ્રલોભન આપશે નહીં. તપાસ ચાલતા લાંબો સમય લાગે તેમ છે જો અરજદાર/આરોપી જ્યુડિસિયલ કસ્ટડીમાં રાખવામાં આવે પ્રિ ટ્રાયલ પનિસ્મેંટ થાય, જેથી ન્યાયશાસ્ત્રનો પ્રખ્યાત સિદ્ધાંત એ છે કે જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે. તેમજ ભારતના બંધારણનાં આર્ટીકલ "૨૧" હેઠળ ભહેંધરી આપવામાં આવેલી વ્યક્તિગત સ્વતંત્રતાની, વિભાવના વર્તમાન અરજી વિચારણાને પાત્ર છે. ભારતીય બંધારણનાં આર્ટીકલ –"૧૪" મુજબ અરજદારને કાયદા સમક્ષ સમાનતાનો અધિકાર મળેલ છે. અરજદારને કાયદા સમક્ષ સમકક્ષ રાખી હાલની અરજી મંજુર કરવા અરજ છે. જેથી "જામીન એ નિયમ જેલ એ અપવાદ ના સિદ્ધાંત ને ધ્યાને લઈ જામીન મુક્ત કરવા અરજ કરેલ છે. અરજદાર/ આરોપી કેશોદ ગામના સ્થાનિક રેહવાસી છે. ક્યાય નાશી ભાગી જાય જેમ નથી. તેવો પોતાના કુટુંબ કાબિલા વાળા છે અને પરિવારની જવાબદારી અને ઘરમાં કમાવનાર વ્યક્તિ છે. જો તેમને લાંબો સમય જેલમાં રાખવામા આવે તો તેનો પરિવાર રસ્તે રજડતો થઈ જાય તેમ છે અને સ્થાવર તથા જંગમ મિલકત કેશોદ ખાતેજ ધરાવે છે. રેસન કાર્ડ પણ ત્યાનું છે. જો નામદાર અદાલત અરજદારને જામીનની સવલત આપે તો નામદાર અદાલત ફરમાવે તેવી તમામ શરતો અને ફરમાવે તેવા જામીન આપવા રાજી ખુશી છે. તે તમામ હકીકત ધ્યાને લઇ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૩) આ અરજી દાખલ થતાં, સામાવાળાશ્રી સરકારને નોટિસ કરતા, શ્રી સરકાર તરફે વિ.એડી. પી.પી.શ્રી હાજર થયેલ છે તથા તપાસ કરનાર અમલદારશ્રીએ આ કામે સોગંદનામું રજૂ કરેલ છે.

(૪) અરજદાર/આરોપીના વિ.વ.શ્રી તથા શ્રી સરકાર તરફે

વિ.એડિ.પી.પી.શ્રીને સાંભળ્યાં. રજૂ થયેલ કેસ પેપર્સ વંચાણે લીધા.

(૫) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીની એવી દલીલ છે કે, હાલની ફરિયાદ આશરે બે દિવસ મોડી કરવામાં આવેલ છે અને ફરિયાદ મોડી કરવાનું કોઈ કારણ ફરિયાદમાં જણાવેલ નથી. ફરિયાદ મુજબનો કોઈ ગુનો અરજદારે કરેલ નથી. ફરિયાદી આરોપી સામે ખોટું મનદુ:ખ રાખી ખોટી ફરિયાદ કરી સંડોવી દીધેલ છે. ફરિયાદ વંચાણે લેતા અરજદાર/આરોપીએ કોઈ માહાવ્યથા પોચાડી હોય તેવું ફરિયાદ વંચાણે લેતા માલૂમ પડતું નથી. કોઈ ઈજા પામનાર દવાખાને હાલ સારવાર હેઠળ નથી અને તેઓની સ્થિતિ કોઈ જોખમી નથી. બાનવ કોઈ ગંભીર ગુનામાં પરિણમી શકે તેમ નથી. ફરીયાદ વંચાણે લેતા પ્રથમ દ્રષ્ટિએ અરજદાર/આરોપી સામે કોઈ પ્રાયમાફેસી કેશ નથી. તેમજ ખોટી રીતે ઉપજાવી કાઢેલ ફરિયાદ છે અને ખોટી હકીકત વાળી ફરિયાદ કરેલ છે. જેથી અરજદારને ખોટી રીતે ગંભીર ગુન્હામાં સંડોવી દઈ અરજદારને જેલ ના સળીયા પાછળ ધકેલી દીધેલ છે. અરજદાર/આરોપી આ કામના કોઈ પુરાવા કે સાક્ષી ને હેમ્પર કે ટેમ્પર કરશે નહી કે કોઈ લાલચ પ્રલોભન આપશે નહીં. તપાસ ચાલતા લાંબો સમય લાગે તેમ છે જો અરજદાર/આરોપી જ્યુડિસિયલ કસ્ટડીમાં રાખવામાં આવે પ્રિ ટ્રાયલ પનિસ્મેંટ થાય, જેથી ન્યાયશાસ્ત્રનો પ્રખ્યાત સિદ્ધાંત એ છે કે જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે. તેમજ ભારતના બંધારણનાં આર્ટીકલ "૨૧” હેઠળ ભહેંધરી આપવામાં આવેલી વ્યક્તિગત સ્વતંત્રતાની, વિભાવના વર્તમાન અરજી વિચારણાને પાત્ર છે. ભારતીય બંધારણનાં આર્ટીકલ –“૧૪" મુજબ અરજદારને કાયદા સમક્ષ સમાનતાનો અધિકાર મળેલ છે. અરજદારને કાયદા સમક્ષ સમકક્ષ રાખી હાલની અરજી મંજુર કરવા અરજ છે. જેથી "જામીન એ નિયમ જેલ એ અપવાદ ના સિદ્ધાંત ને ધ્યાને લઈ જામીન મુક્ત કરવા અરજ કરેલ છે. અરજદાર/ આરોપી કેશોદ ગામના સ્થાનિક રેહવાસી છે. ક્યાય નાશી ભાગી જાય જેમ નથી. તેવો પોતાના કુટુંબ કાબિલા વાળા છે અને પરિવારની જવાબદારી અને ઘરમાં કમાવનાર વ્યક્તિ છે. જો તેમને લાંબો સમય જેલમાં રાખવામા આવે તો તેનો પરિવાર રસ્તે રજડતો થઈ જાય તેમ છે અને સ્થાવર તથા જંગમ મિલકત કેશોદ ખાતેજ ધરાવે છે. રેસન કાર્ડ પણ ત્યાનું છે. જો નામદાર અદાલત અરજદારને જામીનની સવલત આપે તો નામદાર અદાલત ફરમાવે તેવી તમામ શરતો અને ફરમાવે તેવા જામીન આપવા રાજી ખુશી છે. તે તમામ હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૬) સરકારશ્રી તરફે વિ.એડિ.પી.પી.શ્રીએ તપાસ કનાર અમલદારના સોગંદનામા આધારે દલીલ કરેલ છે કે, આ કામના અરજદાર તથા સહ આરોપીઓ ફરીયાદીનાં ઘરે રાત્રીનાં સમયે ગે.કા. અપ પ્રવેશ કરી ફરીયાદી તથા ફરીયાદીના પરીવારના સભ્યોને ભુંડા બોલી ગાળો આપી આ કામના અરજદાર/આરોપી નાએ

ફરીયાદીને માથામાં તલવારની મુઠ મારી સામાન્ય ઈજા કરી તથા ફરીયાદીના દાદા ને માથામાં તલવારનો ઘા મારી દેતા માથાના ભાગે ત્રણ ટાંકા આવેલ હોય ઈજા કરી મેં. અધિક જીલ્લા મેજી. સા.ના હથિયારબંધીના જાહેરનામાંનો ભંગ કરી ગુન્હો કરેલ છે. આ કામેના અરજદાર/આરોપીએ કેશોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બી.એન.એસ કલમ-૧૧૮(૧)(૨),૧૧૭(૨),૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩),૩૨૯(૩),૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ જેવા ગંભીર ગુન્હો આચરેલ હોય અને સાહેદોના નીવેદનોને સમર્થન મળતુ હોય જેથી તેઓને જામીન મળીયે ગુન્હાની ગંભીરતા જોઇ નાશી ભાગી જઈ અને મુદતે હાજર નહી રહે તેવી પુરી શકયતા છે. આ ગુનાના કામે આ કામેના અરજદાર/આરોપી કેશોદ વાસાવાડી વિસ્તારમાં માથાભારે તત્વની છાપ ધરાવે છે. આ કામના અરજદાર/આરોપીને જામીન મુકત કરવામા આવે તો આ ગુનાના કામે સાહેદોને લાલચ પ્રલોભનો કે ધાક ધમકી આપી સાહેદોને ફોડવાનો પ્રયાસ થવાની શકયતા હોય તેમજ કેસને મોટુ નુકશાન થાય તેમ છે. તેમજ અરજદાર/આરોપીનો ગુનાના કામે સક્રીય રોલ હોય તેમજ સદરહું ગુન્હાની તપાસ ચાલુ હોય તેમજ તમામ પુરાવા એત્રીત કરવાના બાકી હોય તેમજ તે દીશામાં તપાસ ચાલુ હોય જેથી હાલના સંજોગો ધ્યાને લઈ જામીન અરજી ના-મંજુર કરવા વિ છે. આ કામેના અરજદાર/આરોપીને આવા ગંભીર ગુનામાં જામીન ઉપર છોડવવામાં આવે તો તેઓને કાયદાનો ડર રહે નહિ અને ફરી થી આવા કોઈ ગુન્હાને અંજામ આપે તેમ હોય તેમજ ફરીયાદીને ડરાવી ધમકાવી કેશ પુરો કરવા દબાણ કરે તેવી શકયતા છે. તેમજ આવા ગંભીર પ્રકારના ગુન્હામાં સહેલાઈથી જામીન મુકત કરવામાં આવશે તો તેને ન્યાય નો ડર રહેશે નહી અને આવા ગંભીર પ્રકારના ગુન્હા ફરી આચરશે. આ કામના અરજદાર/આરોપીનો ગુનાના કામે સક્રીય રોલ હોય સદરહુ ગુનામાં આરોપીને જામીન મુકત કરવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર થાય તેમ હોય જેથી અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૭) આ કામે બંન્ને પક્ષોની દલીલો સાંભળી. આ કામના અરજદાર/આરોપી સામે બી.એન.એસ.ની કલમ– ૧૧૮(૧)(૨), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૩૨૯(૩), ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ છે. તેમજ એફ.આઇ.આર. ની વિગતો ધ્યાને લેતા, આ કામના અરજદાર તથા સહ આરોપીઓ ફરીયાદીનાં ઘરે રાત્રીનાં સમયે ગે.કા. અપ પ્રવેશ કરી ફરીયાદી તથા ફરીયાદીના પરીવારના સભ્યોને ભુંડા બોલી ગાળો આપી આ કામના અરજદાર/આરોપી નાએ ફરીયાદીને માથામાં તલવારની મુઠ મારી સામાન્ય ઈજા કરી તથા ફરીયાદીના દાદા ને માથામાં તલવારનો ઘા મારી દેતા માથાના ભાગે ત્રણ ટાંકા આવેલ હોય ઈજા કરી મેં. અધિક જીલ્લા મેજી. સા.ના હથિયારબંધીના જાહેરનામાંનો

ભંગ કરી ગુન્હો કરેલ છે.

હાલના કામે નામદાર ગુજરાત હાઈ કોર્ટે આરોપી નં.ર નાઓને જામીન મુકત કરેલ છે. જે આરોપી નં. ર નાઓનો રોલ ધ્યાને લેતાં તેઓએ કુહાડીના હાથા વડે ફરીયાદીના બાને માથામાં મારતા માથામાં સોજો આવેલ હોય તથા તેઓએ શરીરે આડેધડ માર મારી મુંઢ ઈજા કરેલ છે તેવો આક્ષેપ છે. જયારે હાલના આરોપીનો ગુનાના કામે તેનો રોલ ધ્યાને લેતાં તેઓએ ફરીયાદીના દાદાને માથામાં તલવારનો ઘા મારી દેતા માથાના ભાગે ત્રણ ટાંકા આવેલ છે તથા ફરીયાદીને માથામાં તલવારની મુઠ મારી સામાન્ય ઈજા કરેલ છે. જે ઈજા આરોપી નં. ર નાઓએ કરેલ ઈજા કરતા ગંભીર પ્રકારની જણાઈ આવે છે. જેથી આરોપી નં.ર નાઓ જામીન મુકત થયેલ હોય તે કારણે હાલના અરજદારને પેરીટી આપી શકાય નહી.

વધુમાં હાલના કામના અરજદાર/આરોપીનો નાઓ વિરુદ્ધ અન્ય ૧૬ ગુનાઓ નોંધાયેલ છે, જેમાંથી ૩ ગુનાઓ મારામારીના છે. તેમજ હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો હાલના અરજદારની ગુનાહિત વર્તણુક ધ્યાને લેતાં તેઓ ફરીથી આવા ગુના કરે તેવી પુરી શકયતા છે. વધુમાં અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવાથી તેની સમાજ ઉપર વિપરીત અસર પડશે. તે તમામ હકીકતો ધ્યાને લેતાં, વધુ ચર્ચા નહી કરતા, અત્રેની અદાલતને મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી, અરજદાર/ આરોપીને જામીન મુક્ત કરવા ન્યાયોચિત જણાતું ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## હુકમ

(૧) હાલના અરજદાર/આરોપીની હાલની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ સબંધિત પોલીસ સ્ટેશને કરવી.

આ હુકમ આજ તારીખ ચોથી, માહે જુન, ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુ. કેશોદ**
**તા.૦૪/૦૬/૨૦૨૬**

**( સંજય ધ્રુવકુમાર પાંડેય )**
**બીજા એડીશનલ સેશન્સ જજ,**
**કેશોદ.**

JGB

જીજે૦૦૫૭૯